# ગાંધીનગર ટાઉનહૉલમાં સ્વ. મુકેશજીનાં યાદગાર ગીતોનો કાર્યક્રમ યોજાયો





ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમી, ગાંધીનગરના આર્થિક સહયોગથી મહિલા શક્તિ સેવા ટ્રસ્ટ, ગાંધીનગર દ્વારા બૉલીવૂડના પાર્શ્વગાયક મુકેશજીની પુણ્યતિથિ નિમિત્તે તેમને શ્રદ્ધાંજલી અર્પતો અને તેમના કંઠે ગવાયેલાં યાદગાર ગીતોનો સુંદર કાર્યક્રમ 'દિલને ફિર યાદ કિયા' શીર્ષક હેઠળ યોજવામાં આવ્યો હતો. ગાંધીનગર ટાઉનહૉલમાં યોજાયેલા આ કાર્યક્રમમાં આયોજનકર્તા અને મુખ્ય ગાયક તરીકે ઠાકર ઈવેન્ટ્સના ભરત ઠાકર દ્વારા મુકેશજીનાં ગીતોની સુમધુર રજૂઆત કરવામાં આવી હતી. સારેગામા ફેઈમ શિવમ ત્રિવેદીએ તેમને ગાયકીમાં બરાબરનો સાથ આપીને પ્રેક્ષકોની ભારોભાર પ્રશંસા પ્રાપ્ત કરી હતી. એ જ રીતે રાહિલ ઠાકર, સાગર દેસાઈ, રાજુભાઈ અને જયચંદ રાઠોડ દ્વારા પણ ગીતોની અસરકારક રજૂઆત કરીને કાર્યક્રમને રોચકતા બક્ષવામાં આવી હતી. સંગીત સંચાલન આંતરરાષ્ટ્રીય ખ્યાતિપ્રાપ્ત કલાકાર જયચંદ રાઠોડ દ્વારા અને કાર્યક્રમ સંચાલન જયશ્રી નાઈક દ્વારા કરવામાં આવ્યું હતું. આ સંગીતમયી સંધ્યાના અતિથિ તરીકે મધુર ડેરીના ચૅરમૅન ડૉ. શંકરસિંહ રાણા, મહેસૂલ વિભાગના સંયુક્ત સચિવ ભરત ત્રિવેદી અને નગરના જાણીતા તબીબ વસંતભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા હતા.

## ચૌધરી કન્યા વિદ્યાલયમાં ફિટ ઈન્ડિયા કાર્યક્રમ



ગાંધીનગર, તા. ૨૯

શ્રી જે એમ ચૌધરી સાર્વજનિક કન્યા વિદ્યાલય ગ્રાન્ટેડ, શ્રી પી.કે. ચૌધરી મહિલા આર્ટસ કોલેજ તથા સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ગુજરાતના સંયુક્ત ઉપક્રમે ફિટ ઈન્ડિયા કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ ઉપક્રમ અંતર્ગત સૌપ્રથમ બાયસેગ દ્વારા પ્રસારિત વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીનું વક્તવ્ય સૌએ સાંભળ્યું હતું. ત્યારબાદ સૌએ શપથ ગ્રહણ કર્યા હતા અને પછી યોગ, કબડ્ડી, હોકી, જુડો, કરાટો અને ફેન્સિંગ સ્પર્ધા યોજવામાં આવી હતી. માણસા વિસ્તારના પૂર્વ ધારાસભ્ય અમિતભાઈ ચૌધરી, સ્પોર્ટ્સ ઑથોરિટી ઑફ ગુજરાતના ડિરેક્ટર, શ્રી અખિલ આંજણા કેળવમી મંડળના મંત્રી ઍસ ઍમ ચૌધરી , પદાધિકારી મધુભાઈ, મણીભાઈ કે ચૌધરી ઉપરાંત ડીઍલઍસઍસ સ્ટાફ મૅમ્બર્સ ઉપસ્થિત રહ્યા હતા.

## સૅક્ટર-૮ની પ્રાથમિક શાળામાં ગણિત, વિજ્ઞાન, પર્યાવરણ પ્રદર્શન

ગાંધીનગર, તા. ૨૯

સરકારી પ્રાથમિક શાળા, સૅક્ટર-૮ ખાતે સીઆરસી કક્ષાના ગણિત, વિજ્ઞાન અને પર્યાવરણ પ્રદર્શનનું આયોજન કરવામાં આવ્યું હતું.

ગાંધીનગર શહેર વિસ્તારના શાસનાધિકારી કિરણબેન પટેલ, ઍસઍમસીના સભ્યો, ક્લસ્ટરની શાળાના આચાર્યો અને શિક્ષકો આ પ્રસંગે ઉપસ્થિત રહ્યા હતા.

પ્રદર્શનમાં કુલ સાત વિભાગ હેઠળ કૃતિઓની રજૂઆત કરવામાં આવી હતી.

### સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત

## જે. બી. પ્રાથમિક શાળામાં પેપર ક્રાફ્ટ સ્પર્ધા યોજાઈ

ગાંધીનગર, તા. ૨૯

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શ્રી જે બી પ્રાથમિક શાળામાં પેપર ક્રાફ્ટ સ્પર્ધા અને હૅલ્ધી ફૂડ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. ૭૪ વિદ્યાર્થીઓએ વિવિધ કલરના પેપર કટિંગ દ્વારા સુશોભનની અનેક વસ્તુઓ બનાવી હતી. સાથે સાથે વિદ્યાર્થીઓમાં ઘરમાં બનાવેલો સાત્વિક આહાર ખાવાની ટેવ પડે તે હેતુસર ઘરેથી લાવેલો પૌષ્ટિક આહાર લાવી સમૂહમાં નાસ્તો કર્યો હતો. આચાર્ય નીવાબેન પટેલે વિદ્યાર્થીઓને હેલ્ધી ફૂડનું મહત્ત્વ સમજાવ્યું હતું.

## જશ્ન-એ-આઝાદી દોડમાં નગરના સંજય થોરાતને ટ્રોફી પ્રાપ્ત થઈ




ગાંધીનગર, તા. ૨૯

ભારતના ૭૩માં સ્વતંત્રતા દિવસની ઉજવણી પર ક્ષણ ઓર્ગેનાઈઝર દ્વારા દોડ 'જશ્ન-એ-આઝાદી'નું આયોજન કરવામાં આવ્યું હતું. ભારત દેશના વિવિધ વિસ્તારોમાં એક સાથે આ દોડનું આયોજન કરવામાં આવ્યું હતું.

ગાંધીનગરના રનર સંજય થોરાતે ૧૧ કિ.મી દોડમાં ભાગ લઈને નિયત સમય કરતાં ઓછા સમયમાં આ દોડ પૂર્ણ કરતા એમને ટ્રોફી આપી સન્માનિત કરવામાં આવ્યા હતા.

## મારા સાથીઓ

॥ બીજો મણકો ॥

દલીલો કરી બહેનોને સમજાવી કે, તેમણે છોકરાંને વ્યાકરણ નહીં પણ રીતભાત શીખવવાની છે, વાંચતા લખતાં કરતાં તેમને સ્વચ્છતાના નિયમો શીખવવાના છે. હિંદી, ગુજરાતી, મરાઠી વચ્ચે મોટો ભેદ નથી એ પણ તેમને બતાવ્યું, ને પહેલા વર્ગમાં તો માંડ આંકડાઓ માંડતાં શીખવવાનું હોય એટલે મુશ્કેલી ન જ આવે. પરિણામ એ આવ્યું કે, બહેનોના વર્ગ બહુ સરસ રીતે ચાલ્યા. બહેનોને આત્મવિશ્વાસ આવ્યો ને તેમને પોતાના કામમાં રસ પણ આવ્યો. અવંતિકાબાઈની શાળા આદર્શ શાળા બની. તેમણે પોતાની શાળામાં પ્રાણ રેડ્યો. તેમની આવડત પણ પુષ્કળ હતી. આ બહેનોની મારફતે ગામડાંના સ્ત્રીવર્ગમાં પણ પ્રવેશ થઈ શક્યો હતો.




પણ મારે શિક્ષણથી જ અટકવાનું નહોતું. ગામડાંની ગંદકીનો પાર નહોતો. શેરીઓમાં કચરો, કૂવાઓની પાસે કાદવ ને બદબો, આંગણાં જોયાં ન જાય. મોટેરાંને સ્વચ્છતાની કેળવણીની જરૂર હતી. ચંપારણના લોકો રોગોથી પીડાતા જોવામાં આવતા હતા. બની શકે એટલું સુધરાઈનું કામ થાય તો કરવું ને તેમ કરી લોકોના જીવનના દરેક વિભાગમાં પ્રવેશ કરવાની વૃત્તિ હતી.

આ કામમાં દાક્તરની મદદની જરૂર હતી તેથી મેં ગોખલેના સમાજ પાસેથી દા. દેવની માગણી કરી. તેમની સાથે મને સ્નેહગાંઠ તો બંધાઈ જ હતી. છ માસને સારુ તેમની સેવાનો લાભ મળ્યો. તેમની દેખરેખ નીચે શિક્ષકો અને શિક્ષિકાઓએ કામ કરવાનું હતું. બધાંની સાથે આટલી સમજૂતી હતી કે, કોઈએ નીલવરોની સામેની ફરિયાદમાં ન ઊતરવું, રાજ્યપ્રકરણને ન અડકવું, ફરિયાદો કરનારને મારી આગળ જ મોકલી દેવા; કોઈએ પોતાના ક્ષેત્રની બહાર એક ડગલું સરખુંયે ન જવું. ચંપારણના આ સાથીઓનું નિયમનનું પાલન અદ્ભુત હતું. એવો પ્રસંગ મને યાદ નથી આવતો કે જ્યારે કોઈએ તેને મળેલી સૂચનાઓનું ઉલ્લંઘન કર્યું હોય.



**'સત્યના પ્રયોગો'માંથી સાભાર**





ગોલ્ડન કટાર ડિવિઝન, અમદાવાદના તમામ રેન્કના અધિકારીઓ અને તેમના પરિવારજનોએ ગુરુવારે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ શરૂ કરેલા 'ફિટ ઈન્ડિયા અભિયાન'ની સાથે 'ફિટ ઈન્ડિયા મૂવમેન્ટ પ્રતિજ્ઞા' લીધી હતી. નવી દિલ્હીના ઈન્દિરા ગાંધી ઈન્ડોર સ્ટેડિયમથી પ્રધાનમંત્રીએ શરૂ કરેલી ફિટ ઈન્ડિયા મૂવમેન્ટનું જીવંત પ્રસારણ થયું હતું. ફિટનેસ પ્રત્યેની કટિબદ્ધતામાં ગોલ્ડન કટારનાં તમામ રેન્કના અધિકારીઓ અને તેમના પરિવારજનો દ્વારા ફિટનેસ અંગે વધારે જાગૃતિ લાવવાની તેમજ તેમને બિમારીમુક્ત જીવન અને પર્યાવરણ સુનિશ્ચિત કરવા સ્વસ્થ અને ફિટ જીવનશૈલી માટે પ્રોત્સાહન આપવાની પ્રતિબદ્ધતા વ્યક્ત કરવામાં આવી હતી. ઉલ્લેખનીય છે કે પૂણે, જામનગર, ભૂજ અને અમદાવાદમાં પણ ડિવિઝન દ્વારા આ જ પ્રકારે પ્રતિજ્ઞા લેવામાં આવી હતી.

# એમણે અમથું પૂછ્યું, કેમ છે ? એટલામાં અમને સારું થઈ ગયું !






ગાંધીનગરમાં ગત સપ્તાહે નંદ મહોત્સવ ટાણે વિચારમંચની 'એક સ્નેહભીની સાંજ'માં ગુજરાતી સાહિત્યના ટમટમતા સિતારા જેવા લબ્ધપ્રતિષ્ઠિત કવિઓના મુશાયરામાં એવા એવા ચમકારા જોવા મળ્યા હતા કે તે જોઈને સભાગૃહમાં બેઠેલા તમામ શ્રોતાઓ ઝળાંહળાં થઈ ગયા હતા. શહેરની આ અનોખી સાંજે વરસેલી હેલીમાં ગરજેલા વાદળોની વીડળી ગુજરાતી કવિતા-ગઝલના આકાશમાં એવી તો ચમકી હતી કે તેની સ્મૃતિ શ્રોતાઓનાં મનમાં કાયમી ઘર કરી ગઈ છે.

એક્કે ના ભાવ સાચો, જૂઠ્ઠી જબાન જેવું
લાગે છે કેમ તારું મંદિર દુકાન જેવું

●

એ નિરાંતે ક્યાંક સૂતા હોય છે
ને અહીં સપનામાં આવ્યાં હોય છે.
આપણે એક પણ બાજુ ના રહ્યાં,
બેએ બાજુએ એ જ ફાવ્યાં હોય છે.

●

ખાંસે છે વૃદ્ધ ફાધર એ ઓરડો જુદો છે,
બેસે છે ઘરના મૅમ્બર એ ઓરડો જુદો છે.

●

વીજળી નહોતી, ઘરેઘર માણસાઈનાં દીવા,
કોડિયાં બળતાં હતાં જે એકધારાં ક્યાં ગયાં ?

- રાજેશ વ્યાસ 'મિસ્કિન'

●

મંદિરો માટે તો આરસ જોઈએ
ભક્તિ માટે મન નિખાલસ જોઈએ
કઈ રીતે થાય જગ રોશન શું ખબર ?
ઝૂંપડીને માત્ર ફાનસ જોઈએ

- રઈશ મણિયાર

●

ઢેફું સમજીને તમે ફેંકી દ્યો ધૂળમાં કે સોનાના ત્રાજવેથી તોલો,
અમને શું ખબર પડે, બોલો...

●

વાંસલડી ડોટ કોમ, મોરપિચ્છ ડોટ કોમ
ડોટ કોમ વૃંદાવન આખું
મારા કાનજીની વેબસાઈટ એટલી વિશાળ છે કે
કયાં કયાં નામ એમાં રાખું ?

●

કૉલમની મરઘી ઈંડાં મૂકે છે તેવું જાણીને કલમ લલચાય છે
એ પછી જ ભાષાનાં ભજીયાં તળાય છે.

- કૃષ્ણ દવે

●

ફૂલોની શી મરજી છે તે જાણ્યા પહેલાં
ભમરા સાથે જુદ્ધે ચડીએ, કેવું લાગે ?

●

માણસ છું પણ માણસ જેવા નથી થવાતું,
ક્ષેમકુશળ ટહુકાના, પૂછવા નથી જવાતું.

●

હાલ ગળાના કેવા છે મેં એવું પૂછ્યું
પોપટ બોલ્યો, તીખું મરચું નથી ખવાતું,
માંદો મોર કહે, આનો રસ્તો કાઢો,
પીંછાંનું વજન હવે નથી ખમાતું.

●

સુખમાં છોને, કેવળ એટલું પૂછવું છે
પણ સમય અભાવે, ખુદને નથી મળાતું.

●

તાળાં દિલનાં એમ ના ખુલે ખટાક દઈને
કળ જાણો તો ખુલે ફટાક દઈને

- કિશોર જીકાદરા

●

અઠંગ આંખ હોય પણ ફરક કરી શકો નહીં
મને મળ્યા પછી તમે, તમે રહી શકો નહીં

શરત ગણો તો છે શશી ને મમત કહો તો હા મમત,
તમે તમે ન હો તો મને મળી શકો નહીં.
જો થઈ જશે લગાવ તો સ્વભાવ થઈ જઈશ હું
મથો છતાંય એ પછી મને ત્યજી શકો નહીં.
તરણકળા પ્રવીણ હો, તરી શકો સમંદરો
ડૂબી ગયાં જો આંખમાં, તમે બચી શકો નહીં.
પડ્યા પછી જ પ્રેમમાં એવી ખબર પડી
સતત મરી શકો તમે જીવી શકો નહીં.

- હર્ષવી પટેલ

●

દોસ્તોને અલવિદા ના કહી શક્યો તારા લીધે
જાણ કીધી હોત ને ઓ મોત, તો જલસા પડત
થાક લાગ્યો, ઊંઘ આવી ને મધુ ઊંઘી ગયો
આ સહજતા જો છેકથી હોત તો જલસા પડત

●

ભાઈ તું ગ્રાહક ખરો પણ આ મધુની વાત છે,
ચાખવાની છોડ, સીધી ઝૂમવાની વાત કર.

●

સમજાવવા પધાર્યા, તે સંત બાખડ્યા છે,
માટે તને પૂછું છું, તું આજકાલ ક્યાં છે.
જ્યાં છે હજીય ગૌચર અને પાણીની છે પરબ જ્યાં,
બસ ત્યાં બચ્યું છે ભારત, બાકી તો ઈન્ડિયા છે.

- મધુસૂદન પટેલ

●

પંડિત થયેલ મૂર્તિની પૂજા થતી નથી
ભક્તો, પૂજારી કોઈને પીડા થતી નથી
મોટી સફળતા એકબે જણને સાંપડે
ગોપી બધી કંઈ રાધા થતી નથી

●

બેઉને સ્હેજ તાવ લાગે છે
સ્પર્શનો આ પ્રભાવ લાગે છે
બાગમાંથી ભલેને પકડાયાં
કેટલો સુંદર બનાવ લાગે છે.

●

જેમાં એનાં આંસૂ ઉર્ફે મોતી છે
એ ઓશિકાંની કિંમત બહુ મોટી છે.

●

ધ્યાનથી માનો ચહેરો જોઈ લેજો
સાર ગીતાનો તરત સમજી જવાશે
ત્યાં જ કાશી, ત્યાં જ કાબા, ત્યાં જ વૈકુંઠ,
એક ખોળામાં બધું પામી જવાશે

- ભરત ભટ્ટ 'પવન'

●

એમણે અમથું પૂછ્યું, કેમ છે ?
એટલામાં અમને સારું થઈ ગયું.

●

જેમાં રહીને જન્મારો જીવવાના અમને કોડ હતા,
એ જ ઓરડો ચણતાં ચણતાં જન્મારો ખર્ચાઈ ગયો.

●

ડાયરીમાં 'ફી ભરો'ની નોંધ જ્યાં ટપકાય છે,
જોતજોતાંમાં જ દફ્તર ડુંગરો થઈ જાય છે.

●

મારા પર કોઈ હસે છે જ્યારે
મને તો બહુ હસવું આવે છે.

●

જીવી ગયો એ દિવસો દુષ્કર ઘણા હતા
ઝખ્મો બહાર કરતાં અંદર ઘણા હતા
જેમાં પરાણે એક શ્રીફળ સમાતું નહોતું
એ એક ગોખલામાં ઈશ્વર ઘણા હતા

- ચંદ્રેશ મકવાણા 'નારાજ'